સુવિચાર : સરળ અને શુદ્ધભાવથી કરવામાં આવેલો અભ્યાસ એ આત્મજ્ઞાનનું પહેલું પગથિયું છે - અખંડ આનંદ

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૬ | ૨૭ નવેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ભાવને અંકુશમાં લેવા વધુ કઠોળની આયાત થઇ શકે
- ૨૬/૧૧ હુમલાઓને ૭ વર્ષ પૂર્ણ થયા છતાંય સુરક્ષામાં હજુ ગાબડાં
- મુંબઇ હુમલો : સાતમી વરસી ઉપર શહીદોને અંજલિ અપાઇ
- આમિર ખાનના અભિપ્રાય સાથે સહમત નથી : શત્રુઘ્ન
- કેનેડા પાસેથી ડિસેમ્બરમાં યુરેનિયમનો જથ્થો મળશે
- એપ્રિલ ૨૦૧૬થી બિહારમાં શરાબ પર પ્રતિબંધ : નીતીશ
- ભારત આવતા વિદેશી પ્રવાસી માત્ર ૪ ટકા જ વધ્યાના હેવાલ
- સેંસેક્સ ૧૮૩ પોઇન્ટ સુધરી ૨૫૯૫૯ની નવી સપાટી પર
- ડાન્સ બાર અંગેના આદેશને અમલી કરવા હુકમ

# સંસદના શિયાળુ સત્રનો તોફાની પ્રારંભ

## સેક્યુલર શબ્દનો સૌથી વધુ દુરૂપયોગ : રાજનાથ

### દેશમાં અસહિષ્ણુતાના નામ પર દેશ છોડવાની વાત કરી રહેલા લોકોની રાજનાથસિંહે પણ જોરદાર ઝાટકણી કાઢી



નવી દિલ્હી,તા. ૨૬

લોકસભામાં ચર્ચાની શરૂઆતમાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કોંગ્રેસ ઉપર વળતા પ્રહારો કર્યા હતા. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી

● અનુસંધાન પાન-૭ પર

## શિયાળુ સત્રના પ્રથમ દિવસે અસહિષ્ણુતા મુદ્દે આક્ષેપ પ્રતિઆક્ષેપ

## બંધારણ ઉપર ખતરો તોળાઈ રહ્યો છે :સોનિયા ગાંધીનો સીધો આક્ષેપ

નવીદિલ્હી, તા. ૨૬

સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે ધારણા પ્રમાણે જ અસહિષ્ણુતાના મુદ્દે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર ચાલ્ય હતો. વિપક્ષે સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું હતં કે, બંધારણના જે આદર્શોએ અમને દશકોથી પ્રેરિત કર્યા છે તેના ઉપર ખતરો તોળાઈ રહ્યો છે. તેના ઉપર જ હુમલા થઈ રહ્યા છે. બીજી બાજુ સરકારે વળતા આક્ષેપમાં કહ્યું હતું કે, બંધારણની પ્રસ્તાવનામાં મોડેથી સામેલ કરવા આવેલા સેક્યુલર શબ્દનો સૌથી વધારે રાજકીય દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જયંતિના પ્રસંગે ભારતના બંધારણ પ્રત્યે પ્રતિબદ્ધતા વિષય ઉપર ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યસભામાં પણ ચર્ચા થનાર હતી પરંતુ સભ્ય ખેખીહોના અવસાનથી ચર્ચા મોકૂફ કરી દેવામાં આવી હતી.લોકસભામાં ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસ પ્રમુખ સોનિયા



ગાંધીએ પણ સહિષ્ણુતાના મુદ્દા ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# આધુનિક પૃથ્વી-૨ મિસાઈલનું પુનઃ સફળ પરિક્ષણ સંપન્ન

### મિસાઈલ ૩૫૦ કિલોમીટર ત્રાટકવામાં સક્ષમ

### ઓરિસ્સાના લશ્કરી બેઝથી મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું

### ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડ લઈ ત્રાટકવામાં સક્ષમ

બેલાસોર, તા. ૨૬

ભારતે આજે પરમાણુ સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ભૂમિથી ભૂમિમાં પ્રહાર કરવામાં સક્ષમ આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે મોટી સંખ્યામાં સંરક્ષણ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી આ મિસાઈલ ૩૫૦ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. બેલાસોર નજીક ચંદીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજ (આઈટીઆર)ના લોંચ કોમ્પ્લેક્ષ-૩થી મોબાઈલ લોન્ચર મારફતે આ મિસાઈલનું સફળ પરીક્ષણ બપોરે ૧૨.૧૦વાગે કરાયુંહતું. સ્ટેટેજીક ફોર્સ કમાન્ડ દ્વારા મિસાઈલનો ટ્રાયલ ડેટા કરવામાં આવ્યા બાદ તેના પરિણામ હકારાત્મક રહ્યા છે. સંરક્ષણ સુત્રોએ કહ્યુંછે કે, આ અતિઆધુનિક મિસાઈલ ૫૦૦ કિલોગ્રામથી ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડને લઈને ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આજે સવારે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેંજના લોંચ કોમ્પ્લેક્ષ-૩થી મોબાઈલ લોંચર મારફતે તેનું પરીક્ષણ કરાયુંહતું.



મિસાઈલ ટેકનોલોજી ખુબ જ અતિઆધુનિક છે. આમા ઈલેક્ટ્રો ઓપ્ટિકલ પેકિંગ સિસ્ટમની વ્યવસ્થા છે. પૃથ્વી-૨ મિસાઈલ ૨૦૦૩માં એસએફસીમાં સામેલ કરવામાં આવી હતી. ભારતના પ્રતિષ્ઠાજનક ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ડીઆરડીઓ દ્વારા વિકસિત કરવામાં આવેલી આ પ્રથમ મિસાઈલ છે. તેની ટેકનોલોજી હવે અસરકારક પુરવાર થઈ છે. આજના લોંચ કાર્યક્રમને લઈને જણાવવામાં આવ્યું છે કે, એસએફસીમાં નિયમિત ટ્રેનિંગ કાર્યક્રમ તરીકે આને ગણવામાં આવે છે. પૃથ્વી-૨ મિસાઈલનું છેલ્લે ૧૪મી નવેમ્બર ૨૦૧૪ના દિવસે પરીક્ષણ કરાયું હતું.

# નાગપુર ટેસ્ટમાં બોલરો છવાયા

### બીજા દિવસે ૨૦ વિકેટ પડી : જીતવા માટે આફ્રિકાને વધુ ૨૭૮ રનની જરૂર, ૮ વિકેટ હાથમાં : ભારતના પ્રથમ દાવમાં ૨૧૫ રનના જવાબમાં આફ્રિકા માત્ર ૭૯ રનમાં ઓલઆઉટ : ભારત બીજા દાવમાં નાટ્યાત્મકરીતે ૧૭૩ રનમાં જ ખખડ્યું

નાગપુર,તા. ૨૬

નાગપુર ખાતે રમાઈ રહેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના આજે બીજા દિવસે કુલ ૨૦ વિકેટો પડી હતી. આજે પણ બોલરોનો દિવસ રહ્યો હતો. પ્રથમ દિવસે ૧૨ વિકેટ પડ્યા બાદ આજે બીજા દિવસે ૨૦ વિકેટો પડી હતી. સૌથી પહેલા આફ્રિકન ટીમ આજે ૭૯ રન કરીને ઓલઆઉટ થઈ હતી ત્યારબાદ ભારતીય ટીમ પણ તેના બીજા દાવમાં નાટ્યાત્મકરીતે માત્ર ૧૭૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આફ્રિકા તરફથી ઈમરાન તાહિરે ૩૮ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જ્યારે મોર્ને મોર્કેલે ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતીય બેટ્સમેનો પણ ટકી શક્યા ન હતા અને જંગી જુમલો ખડકીને આફ્રિકાને ભીંસમાં લેવામાં ફ્લોપ રહ્યા હતા. જીતવા માટેના ૩૧૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા આફ્રિકાએ આજે તેના બીજા દિવસમાં બે વિકેટે ૩૨ રન બનાવ્યા હતા. વાન ઝીલ અને ઈમરાન તાહિર બે વિકેટ પડી ચુકી છે. હજુ પણ આફ્રિકાને જીતવા માટે ૨૭૮ રનની જરૂર છે અને તેની આઠ વિકેટ હાથમાં છે. અશ્વિન અને જાડેજાના તરખાટ સામે આફ્રિકન બેટ્સમેનોને

● અનુસંધાન પાન-૭ પર





**વાદળ છવાયા** - શહેરમાં ગુરૂવારે સાંજે એકાએક વાદળો છવાતા વાતાવરણમાં નાટકીય પલ્ટો આવ્યો હતો... ભરશિયાળામાં ગરમીનો અનુભવ તો થાય છે જ... પરંતુ સાંજે વરસાદના એંધાણનો અહેસાસ થયો હતો... સમગ્ર આકાશ વાદળોથી છવાયું હતું અને ધીમોધીમો પવન લહેરાતા આકાશમાં વાદળોની દોડધામથી વરસાદના એંધાણ વર્તાતા હતા.... (તસવીર : કશ્યપ નિમાવત)

# જિલ્લામાં સાંજથી પ્રચાર પડધમ શાંત થશે

### સ્થાનિક સ્વરાજ્યની ૧૮૧ બેઠકો માટે રવિવારે મતદાન : આજે ઉમેદવારો દ્વારા રેલીઓનું પણ આયોજન

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૩ તા.પં., બે નગરપાલિકા અને જિલ્લા પંચાયતની રવિવારે યોજાનાર ચૂંટણીને લઈ આજે સાંજથી પ્રચાર અભિયાન બંધ થશે. પ્રચાર અભિયાનના અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો દ્વારા વાહનરેલીના આયોજન કરાયા છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા દસ દિવસથી ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં બેઠકોના ધમધમાટ સાથે આરંભ થયો હતો. આજે પણ આખો દિવસ છેલ્લી ઘડીના પ્રયાસોના ભાગરૂપે પ્રચાર અભિયાનમાં લોકસંપર્ક કરતા ઉમેદવારો જણાયા હતા.

ઉમેદવારો દ્વારા પ્રચાર અભિયાનમાં સોશીયલ મિડિયાનો પણ ભરપુર ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પત્રિકાઓનું પણ વિતરણ ઉમેદવારો દ્વારા થયું છે.

જિલ્લામાં બન્ને પક્ષો દ્વારા ગાંધીનગર, કલોલ અને માણસામાં જાહેરસભાઓ તો દહેગામમાં પૂર્વ સાંસદ સહિતના આગેવાનોનું સંપર્ક અભિયાન મહત્વના બની રહ્યા છે.

જિલ્લાના કલોલ અને માણસા તાલુકામાં પાટીદાર આંદોલનની અસરને લઈ બન્ને પક્ષોએ તેમની રણનીતિમાં ફેરફારો કરી ડોર ટુ ડોર તેમજ જિલ્લાના પાંચેય ધારાસભ્યો દ્વારા પણ ગૃપ બેઠકોનું આયોજન કરાયું હતું.

નવા સીમાંકન તેમજ ૩ બેઠકોના વધારા સાથે આ વખતે રાજકીય પક્ષોના આગેવાનોની દોડધામ પણ વધુ જોવા મળી છે. જુના સમીકરણો નહિ નવા સમીકરણો જિલ્લાના રાજકારણમાં રચાયા હોવાથી આગેવાનોએ પણ વ્યૂહરચના તૈયાર કરવામાં સતત વ્યસતતા જાળવી પડી છે.

આજે સાંજે જાહેર પ્રચાર અભિયાન સંપન્ન થયા બાદ ગૃપ

● અનુસંધાન પાન-૭ પર

## મગફળી ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે

અમદાવાદ, તા. ૨૬

મગફળીની ઉત્પાદકતા અને ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે. સૌરાષ્ટ્રના મોટાભાગના ખેડુતોનું ભવિષ્ય આ પાક સાથે જોડાયેલું છે. વિયેતનામ બાદ ઈન્ડોનેશિયાએ પણ સિંગદાણાના વેપાર માટે કડક નિયમ જાહેર કર્યા છે. ઈન્ડોનેશિયામાં સિંગદાણાની નિકાસ માટે ભારતમાં રજિસ્ટર્ડ થયેલી લેબોરેટરીએ ઈન્ડોનેશિયામાં પણ ફરજિયાત નોંધણી કરાવવી પડશે. આમ બે દેશમાં રજિસ્ટર્ડ હોય તેવી લેબોરેટરીનું ક્વોલિટી સર્ટિફિકેટ ધરાવતા સિંગદાણાની જ ઈન્ડોનેશિયામાં નિકાસ થઈ શકશે. આમ વિપરીત આંતરરાષ્ટ્રીય બજારના પગલે મગફળીના ભાવ વધારાય તો ખેડુતોને ફાયદો થઈ શકે તેમ છે. ખરીફ સિઝનમાં મગફળી અને કપાસ એ બે મુખ્યા પાક છે.


PIZZA POINT
Kids Under 10 year's ₹ 99/- only
Variety of Salads
Pasta
Noodle
Stuffed Panini
Cheese Garlic Bread
Variety of Pizza
Soft Drinks Limited
Brownie with Icecream Limited
LUNCH ₹139/-* 11:00 am to 3:00 pm
DINNER ₹169/-* 6:30 pm to 10:45 pm
Unlimited... Meal Offer
ફ્રી હોમ ડીલીવરી (ઓર્ડર ₹300 ઉપર)
4 Small size PIZZA Special Price @249
1 Margherita 2 Hot & Spicy 3 Italian Special 4 Tandori Paneer
*Condition Apply
1st Floor, 3-4-5 R-World, Sector-21, Gandhinagar
Contact No. 8000 5200 16, 94096 60060

ગાંધીનગરમાં ઈચ્છો ત્યાં ગરમા ગરમ ઘર જેવું ભોજન...
બપોરે : રોટલી, શાક, કઠોળ, દાળ-ભાત, સલાડ
સાંજે : ભાખરી, શાક, ખિચડી અને દૂધ અથવા જે તે દિવસના મેનુ પ્રમાણે
ફ્રી હોમ ડીલિવરી
aastha tiffin food like home
આસ્થા ટિફિન
સંપર્ક : રાજેશ પટેલ
564, સેક્ટર-8-બી, ગાંધીનગર.
ફોન. 94094 28284, 98982 68159

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અદ્યતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ 9898935008 9737124032
ઓફિસ નંબર 9904483888
atria "The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧